# ટીબી મુક્ત કાર્યક્રમ અહેવાલ

“આપણું રાજય, ટીબી મુક્ત રાજય” અભિયાન અંતર્ગત “કોમ્યુનીટી સપોર્ટ ટુ ટીબી પેશન્ટ” પહેલ અંગે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના એક્ષટેન્શન એક્ટીવીટી સેલ દ્વારા દત્તક લેવાયેલ દંતાલી ગામમાં તા.21/02/2024 ના રોજ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયજીના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીની ટીમ અને આરોગ્યની ટીમ સાથે "ટીબી મુક્ત ભારત" કાર્યક્રમ યોજાયેલ. જેમાં યુનિવર્સિટી દ્વારા દત્તક લેવાયેલ દંતાલી ગામના ટીબી દર્દીઓને યુનિવર્સિટી દ્વારા દત્તક લેવામાં આવ્યાં. સદર કાર્યક્રમમાં જીલ્લા ક્ષય કેન્દ્રના ડૉ. મીના બ્રહ્મભટ્ટ દ્વારા ટીબીના દર્દીઓને ટીબીમાં કઈ કઈ તકેદારી રાખવાની હોય તેની જીણવટપૂર્વક માહિતી આપવામાં આવી. તે દર્દીઓને સારો ખોરાક મળી રહે અને રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે સરકારના નિયમો અનુસાર યુનિવર્સિટી દ્વારા ન્યુટ્રીશન કીટ આપવામાં આવી. સદર કાર્યક્રમમાં જીલ્લા ક્ષય કેન્દ્રના ડૉ. મીના બ્રહ્મભટ્ટ અને યુનિવર્સિટીના સંયોજકશ્રી ડૉ. સોનલ ચૌધરી હાજર રહ્યાં હતા. "ટીબી મુક્ત ભારત" કાર્યક્રમ અંતર્ગત યુનિવર્સિટી દ્વારા દર મહિને દત્તક લેવાયેલ દર્દીઓને ન્યુટ્રીશન કીટ આપવામાં આવશે. ડૉ. સોનલ ચૌધરી દ્વારા તે દર્દીઓને આ રોગ સામે લડવાની પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી.




